# Word Resounds Today

## "વિજેતા" પ્રાર્થના કેલેન્ડર - જાન્યુઆરી - ૨૦૨૫

## પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) પ્રાર્થના કરો : "જેઓ તમને શાપ દે છે તેઓને આશીર્વાદ દો, જેઓ તમારું અપમાન કરે છે તેઓને સારુ પ્રાર્થના કરો." (લૂક ૬:૨૮) આપણી પોતાની તાકાતથી આપણે તે કરી શકતા નથી, પરંતુ આપણામાં વસતા ઈસુ આપણને શાંતિના પુરુષમાં બદલી શકે છે.

(૨) મારો પાળક : "યહોવા મારો પાળક છે." (ગી.શા. ૨૩:૧a) "મારો" શબ્દ સર્વ તફાવત લાવે છે. આથી મારો ઈશ્વર પરનો ભરોસો વધે છે. એ રીતે તે મને મારા જીવનના સારા માર્ગમાં દોરે છે અને મારી સંભાળ લે છે. આ જ કારણે હું ખુશીથી તેમની પાછળ ચાલું છું.

(૩) સુકૃત્યો : "કેમ કે આપણે તેની કૃતિ છીએ; અને સારી કરણીઓ કરવાને ખ્રિસ્ત ઈસુમાં આપણને ઉત્પન્ન કરવામાં આવ્યા છે, તે સારી કરણીઓ વિશે દેવે અગાઉથી એમ ઠરાવ્યું." (એફેસી ૨:૧૦) ઈશ્વર આપણને તેમણે આપણા માટે તૈયાર કરેલી પરિસ્થિતિઓમાં દોરે છે. કાળજી રાખીને સારાં કાર્યો કરીએ.

(૪) નાણાં : "કેમ કે દ્રવ્યનો લોભ સઘળા પ્રકારનાં પાપનું મૂળ છે. એનો લોભ રાખીને કેટલાએક વિશ્વાસથી ભટકી ગયા છે અને ઘણાં દુ:ખોથી તેઓએ પોતાને વીંધ્યા છે." (૧ તિમોથી ૬:૧૦) આપણે તો ઈશ્વરે સોંપેલી સંપત્તિના વહીવટકર્તા છીએ. તેથી હે પુરુષ, તમારી અગ્રીમતાઓ વિશે સાવધ રહો.

(૫) લગ્ન : "એ જ પ્રમાણે પતિઓ, સ્ત્રી નબળું પાત્ર છે, એમ જાણીને તેની સાથે સમજણપૂર્વક રહો અને તમે તેઓની સાથે જીવનની કૃપાના સહવારસ છો એમ ગણીને તેને માન આપો; કે જેથી તમારી પ્રાર્થનાઓ અટકાવવામાં ન આવે." (૧ પિતર ૩:૭) હે પતિઓ, ઈશ્વરે આપેલી તમારી ભૂમિકા સ્વીકારો અને તમારી યાજકીય ફરજ પૂરી કરીને તમારા કુટુંબને આશીર્વાદ આપો.

(૬) ભેટ : ભેટ મેળવવી એ સારી બાબત છે. ઘણા લોકોને ભેટ મળે છે ત્યારે તેઓ જુદી રીતે વર્તે છે. બીજા તેમને મળેલ ભેટનો અનાદર કરે છે. યોહાન ૩:૧૬ જણાવે છે કે ઈશ્વરે તેમના પ્રેમમાં સૌથી મહાન અને શ્રેષ્ઠ ભેટ તેમનો એકાકીજનિત દીકરો આપ્યો. જેથી તેમના થકી જગત ઉદ્ધાર પામે. ઈસુને તમારા તારનાર તરીકે સ્વીકારો અને તેમની સાથે અનંતજીવનને માણો.

(૭) જીવન માટે : આજની દુનિયાની સંસ્કૃતિએ લગ્ન વિશે ઘણા વિચારોનો પ્રચાર કર્યો છે અને લગ્ન જીવનને તુચ્છ બનાવ્યુ છે. બાઈબલ શીખવે છે કે ઈશ્વર લગ્નમાં જોડાય છે અને લગ્ન જીવન માટે કાયમી સંબંધ છે. (૧ કરિંથી ૭:૩૯) હે પુરુષ, ઈશ્વરની સહાયથી તમારું લગ્ન સાચી ભાગીદારીના આનંદને પ્રતિબિંબિત કરી શકે છે.

(૮) શિષ્યપણું : ઈસુની તેમના શિષ્યો સાથેની છેલ્લી મુલાકાતમાં તેઓને શિષ્યો બનાવવાનું આ વાત સાથે જણાવ્યું. "મેં તમને જે જે આજ્ઞા કરી તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ." (માથ્થી ૨૮:૨૦) પોતાના બાળકોને નમૂનારૂપ જીવન દ્વારા ઈશ્વરને અનુસરવા ઉત્તેજન આપનાર પિતા બનો.

(૯) હેતુ : "તેણે મને નાશના ખાડામાંથી તથા ચીકણા કાદવમાંથી ખેંચી કાઢ્યો. તેણે મારા પગ ખડક પર ગોઠવ્યા અને મારાં ડગલાં સ્થિર કર્યાં." (ગી.શા. ૪૦:૨)

(૧૦) ડહાપણ : સલામત રીતે રોકાણ કરવું, મુશ્કેલ સમય માટે બચત કરવી અને ડહાપણથી ખર્ચ કરવો એ તંદુરસ્ત નાણાંકીય જીવન માટે બાઈબલના સિદ્ધાંતો છે. "જ્ઞાનીના મકાનમાં મૂલ્યવાન ભંડાર તથા તેલ છે, પણ મૂર્ખ માણસ તેને સ્વાહા કરી જાય છે." (નીતિવચનો ૨૧:૨૦) તે વધુ કે થોડું નથી પરંતુ વસ્તુઓનો ડહાપણયુક્ત ઉપયોગ અને મૂલ્યોનો સમજદાર ઉપયોગ સાચા ડહાપણને પ્રગટ કરે છે.

(૧૧) આયોજન : નવા વર્ષની શરૂઆત ઉદ્દેશ્યોની સમીક્ષા કરવાની, યોજનાઓ બનાવવાની અને આવનારા મહિનાઓમાં તમે જે પ્રાપ્ત કરવા માંગો છો તે નક્કી કરવાની શક્યતાઓ લાવે છે. યાદ રાખો કે ઈશ્વરની યોજના અને વિચારો હંમેશા આપણા કરતા ઊંચા હોય છે. "માણસના મનમાં ઘણી યોજનાઓ હોય છે, પણ યહોવાનો મનસૂબો જ કાયમ રહેશે." (નીતિવિચનો ૧૯:૨૧)

(૧૨) ન્યાયી ઠરાવવું : "વ્હાલા ઈશ્વર, જીવન ઘણું અયોગ્ય લાગે છે. દરેક બાજુએ મને અન્યાય દેખાય છે. પછી હું તમારા તરફ ફરું છું અને વધસ્તંભને જોઉં છું. ત્યાં તમે ન્યાયીએ મારા જેવા અન્યાયી માટે સહન કર્યું. તમે અમારા માટે ન્યાયી ઠરાવનાર બન્યા. હું ખ્રિસ્ત થકી ન્યાયી ઠર્યો છું. હું હવે ખ્રિસ્તમાં ઈશ્વરનું ન્યાયીપણું છું." (૨ કરિંથી ૫:૨૧)

(૧૩) અનંતકાળીક પિતા : "સર્વશક્તિમાન ઈશ્વર, આ જૂની દુનિયા અને તેમાંની દરેક વસ્તુઓ પતિત છે. કશું જ અંતિમ નથી. તે ખૂબ જ નિરાશાજનક છે કે મને ક્યારેક ત્યજી દેવાનું મન થાય છે. તમે અનંતકાળીક છો. ખ્રિસ્તના સાચા સૈનિક તરીકે મને કઠીનાઈ સહન કરવા તૈયાર કરવા બદલ તમારો આભાર." (યશાયા ૪૦:૨૮)

(૧૪) સર્વજ્ઞ : "વ્હાલા ઈશ્વર, જ્યારે હું જાણું છું ત્યારે મારે જે જાણવાની જરૂર છે તે હું ક્યારેય જાણતો નથી. તે જાણવાની જરૂર છે. હે ઈશ્વર તમે જ સર્વજ્ઞ છો. તેથી હું વસ્તુઓ શોધવાનો પ્રયાસ છોડી દઉં છું. હું ખ્રિસ્ત તરફ વળું છું જે મારું જ્ઞાન, ડહાપણ અને મારી સમજણ છે. માટે જે જાણવાની જરૂર છે તે મને તમે જણાવો." (પ્રે.કૃત્યો ૧૫:૧૮)

(૧૫) ખજાનો : તમારી નિવાસી હાજરીના અદ્‌ભુત ખજાના માટે તમારો આભાર. તમારામાં તમામ જ્ઞાન અને બુદ્ધિ સમાયેલાં છે. હું તમને મારા જ્ઞાન અને ડહાપણના સ્ત્રોત તરીકે સ્વીકારું છું. તેથી, જ્યારે મને તે જાણવાની જરૂર હોય તે તમે મને જણાવશો એવો વિશ્વાસ કરવા માટે મને સહાય કરો. (કલોસી ૨:૨,૩)

(૧૬) ઈશ્વર સારા છે : હે પ્રભુ ઈસુ, ભલું કરવાનું ચાલુ રાખીને, ઈશ્વર સારા છે તે દર્શાવવા બદલ આભાર. વિશ્વાસ દ્વારા તમે મને નવું જીવન આપ્યું છે તે માટે આભાર. મેં તમારી ભલાઈનો અનુભવ કર્યો છે. જેમ તમે મારું ભલું કર્યું છે તેમ હવે મને બીજાઓનું ભલું કરવા દોરવણી આપો. (ગી.શા. ૧૧૯:૬૮)

(૧૭) અક્કડતા : "જે માણસ વારંવાર ઠપકો પામ્યા છતાં પોતાની ગરદન અક્કડ રાખે છે તે અકસ્માત નાશ પામશે અને તેનો કંઈ ઉપાય રહેશે નહિ." (નીતિવચનો ૨૯:૧) હે પુરુષ, તમારા જીવનમાં પવિત્ર આત્માના કાર્યનો પ્રતિકાર કરવા સાવધ રહો. તે તમને પસ્તાવો કરવા તરફ દોરી જવા માંગે છે. અક્કડ ન બનો પણ ઈશ્વરને આધીન થાઓ. તે નમ્ર લોકોને કૃપા આપે છે.

(૧૮) છુપાયેલો ખજાનો : "આકાશનું રાજ્ય ખેતરમાં સંતાડેલા દ્રવ્ય જેવું છે, કે જે એક માણસને જડ્યું, ... ને તેના હર્ષને લીધે જઈને પોતાનું સર્વસ્વ વેચી નાખીને તેણે તે ખેતર વેચાતુ લીધું." (માથ્થી ૧૩:૪૪) જો તમે ઈસુને શોધી લીધા છે તો તમને સૌથી મોટો ખજાનો મળ્યો છે. તે તમારી સૌથી મોટી ઈચ્છાઓ પૂરી કરી શકે છે. કિંમત ચૂકવો ! ફક્ત તેમના માટે અને તેમના રાજ્ય માટે જ જીવો !

(૧૯) કઠીનતા : "આજ, જો તમે તેની વાણી સાંભળો, તો તમારાં હૃદય કઠણ કરો મા." (હિબ્રુ ૩:૧૫) મુક્તેચ્છા એ માનવજાત માટે ઈશ્વરની ભેટ છે. આપણે આપણી પોતાની પસંદગીઓ કરી શકીએ છીએ. ફક્ત પાપ અને આપણી જાત સિવાય કશું પણ આપણા હૃદયને સાંભળવાથી અવરોધી શકતું નથી. તેથી જો તમે ઈશ્વરના પોકારને સાંભળો તો ધ્યાન રાખો અને નરમ થાઓ. તે તમને આશીર્વાદ આપવા અને દોરી જવા માંગે છે.

(૨૦) નમ્ર ઉત્તર : "નમ્ર ઉત્તર ક્રોધને શાંત કરી દે છે, પણ કઠોર શબ્દો રીસ ચઢાવે છે." (નીતિવચનો ૧૫:૧) તણાવ, હતાશા અને સંયમનો અભાવ સરળતાથી સામનો અને કઠોર શબ્દો તરફ દોરી જાય છે. તમે ખ્રિસ્ત જે હૃદયમાં નમ્ર અને રાંકડો છે તેને તમારી ઈચ્છા આધીન કરો છો ત્યારે તમારી જાતને જાણો અને તમારા મન અને લાગણીઓને તૈયાર કરો.

(૨૧) અભિમાન : "એ જ પ્રમાણે જુવાનો, તમે વડીલોને આધીન થાઓ અને તમે સઘળા એકબીજાની સેવા કરવાને સારુ નમ્રતા પહેરી લો, કેમ કે દેવ ગર્વિષ્ઠોની વિરુદ્ધ છે, પણ તે નમ્ર માણસો પર કૃપા રાખે છે." (૧ પિતર ૫:૫,૬) ઈશ્વરના ધોરણ પ્રમાણે જીવવા માટે દૃઢ બનો, ભલે તે વિરોધી સંસ્કૃતિ કેમ ન હોય. અંતમાં ઈશ્વર જે બદલો આપે છે તે ગણાય છે.

(૨૨) અલગતા : "જે જુદો પડે છે તે પોતાની ઈચ્છા સાધવા મથે છે. તે રીસથી સઘળા સુજ્ઞાનની વિરુદ્ધ થાય છે." (નીતિવચનો ૧૮:૧) જો તમે અન્ય લોકોથી નિરાશ થયા છો, તો તમે તમારી જાતને અલગ રાખવાના જોખમમાં છો. ઈશ્વરને તે બદલવા દો. તેમણે આપણને તેમની અને અન્ય સાથેના સંબંધ માટે સર્જ્યા છે. બીજાને માફ કરવા તથા ઈશ્વર અને સાથી માનવને પ્રેમ કરવા તૈયાર રહો.

(૨૩) ભલાઈ : "સારું માણસ પોતાના મનના સારા ભંડારમાંથી સારું કાઢે છે." (લૂક ૬:૪૫) આપણે નવો જન્મ પામવો જોઈએ અને બાઈબલ જે નવા હૃદયથી વાત કરે છે તે મેળવવું જોઈએ. હે પુરુષ, ઈસુ ખ્રિસ્તને તમારા હૃદયને બદલવા અને તેમનામાં વિશ્વાસ દ્વારા જીવવાનું શરૂ કરવાની મંજુરી આપો. ત્યારે તમે તમારી દુનિયાને ભલાઈથી આશીર્વાદ આપશો.

(૨૪) સ્વ-ઈચ્છા : “જો કોઈ મારી પાછળ આવવા ચાહે, તો તેણે પોતાનો નકાર કરવો, અને દરરોજ પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ ચાલવું.” (લૂક ૯:૨૩) શિષ્યપણું એ ઈસુ ખ્રિસ્તને પોતાની ઈચ્છાનું દૈનિક સમર્પણ છે. વધસ્તંભ આપણને યાદ અપાવે છે કે આપણો જૂનો સ્વભાવ ખ્રિસ્ત સાથે મરી ગયો છે. તે આપણને હવે તેમને અનુસરવા અને ઈશ્વરના બાળકો તરીકે જીવવા સક્ષમ બનાવે છે.

(૨૫) આરામ : “ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ. મારી ઝૂંસરી તમે પોતા પર લો, ને મારી પાસે શીખો; કેમ કે હું મનમાં નમ્ર તથા રાંકડો છું ને તમે તમારા જીવમાં વિસામો પામશો. કેમ કે મારી ઝૂંસરી સહેલ છે, ને મારો બોજો હલકો છે.” (માથ્થી ૧૧:૨૮-૩૦) ઈશ્વરની વાતને ‘હા’ કહો. તેમની પાસેથી શીખો અને તેમના આરામનો અનુભવ કરો.

(૨૬) નફો : “કેમ કે જો માણસ આખું જગત મેળવે, ને પોતાના જીવની હાનિ પામે, તો તેને શો લાભ થાય ?” (માર્ક ૮:૩૬) આપણે પુરુષો સફળતાને ટૂંકા ગાળાના નફા સાથે સહેલાઈથી જોડીએ છીએ, પણ ડાહ્યા પુરુષો લાંબા ગાળાનું વિચારે છે. પૃથ્વી પરનો આપણો સમય મર્યાદિત છે. આ દુનિયામાં આપણે જે મેળવી શકીએ છીએ તે અલ્પજીવી છે. ઈશ્વર આપણને આપણી પ્રાથમિકતાઓ પર પુનઃવિચાર કરવા અને અનંતકાળિક નફા માટે રોકાણ કરવા જણાવે છે.

(૨૭) લઘુમતિ : “કેમ કે જે માર્ગ જીવનમાં પહોંચાડે છે તે સાંકડો છે, ને તેનું બારણું સાંકડું છે અને જેઓને તે જડે છે તેઓ થોડા જ છે.” (માથ્થી ૭:૧૪) ઈશ્વર જગતને પ્રેમ કરે છે પછી ભલે થોડા લોકો તેમને વળતો પ્રેમ કરે. તે બધાને ઈસુ પાસે આવવા આમંત્રણ આપે છે, પરંતુ માત્ર થોડા લોકો તારનારને વિશ્વાસથી સ્વીકારે છે. ભીડ ક્યારેય યોગ્ય નથી. ઈશ્વર સાથે લઘુમતિમાં રહેવા તૈયાર રહો.

(૨૮) બળવો : “એ કારણ માટે, તું તથા તારી આખી ટોળી યહોવાની વિરુદ્ધ એકઠા થયા છો.” (ગણના ૧૬:૧૧) કોરાહે બળવો કર્યો કારણ કે તે ઈશ્વરની સેવાને લોકશાહી સમાન ગણતો હતો. તેણે કહેવું જોઈતું હતું કે ખ્રિસ્ત જે મંડળીનું શિર છે તે મંડળીને તેમના આત્મા દ્વારા દોરવા માંગે છે. બળ કે પરાક્રમ કે બહુમતીના રાજથી નહિ.

(૨૯) મોભો : “બળ તથા મોભો એ તેનો પોષાક છે અને ભવિષ્યકાળની ચિંતાને તે હસી કાઢે છે.” (નીતિવચનો ૩૧:૨૫) જે સ્ત્રી તેના પતિનો પ્રેમ પામે છે અને તેને આપવામાં આવેલી આવડતોનો વિકાસ કરે છે તે તેના પરિવાર માટે એક અદ્‌ભુત આશીર્વાદ છે. જ્યારે તેણે આદમ માટે યોગ્ય સહાયક તરીકે હવાને બનાવી ત્યારે ઈશ્વરનો આ હેતુ હતો. હે પુરુષ, તમારી પત્નીને કેવી રીતે પ્રેમ કરવો તે શીખો.

(૩૦) બલિદાનયુક્ત પ્રેમ : “પતિઓ, જેમ ખ્રિસ્તે મંડળી પર પ્રેમ રાખ્યો, અને તેની ખાતર પોતાનું સ્વાર્પણ કર્યું, તેમ તમે પોતાની પત્નીઓ પર પ્રેમ રાખો.” (એફેસી ૫:૨૫) હે પુરુષ, આપણે બાઈબલની આ આજ્ઞાને પરિપૂર્ણ કરવા અસમર્થ છીએ તે કબુલ કરીએ અને વધુ સારી રીતે પ્રામાણિક રહીએ. તેથી, ચાલો ખ્રિસ્તને આપણા દ્વારા તેમનું જીવન જીવવાની મંજુરી આપીએ. તેમનો બલિદાનયુક્ત પ્રેમ આપણા લગ્નજીવનોને પણ સ્વર્ગમાં ફેરવી દેશે.

(૩૧) ઉદ્ધાર પાસે છે : “પણ આ વાતો થવા લાગે ત્યારે તમે નજર ઉઠાવીને તમારાં માથા ઊંચા કરો, કેમ કે તમારો ઉદ્ધાર પાસે આવ્યો છે, એમ સમજવું.” (લૂક ૨૧:૨૮) જેમ જેમ વૈશ્વિક તણાવ વધી રહ્યો છે અને કુદરતી હોનારતો વધી રહી છે તેમ ઈશ્વરનું રાજ્ય નજીક છે. તે માટે ડરશો નહિ. માણસનો દીકરો પાછો આવે ત્યારે તેની સામે ઊભા રહેવા તૈયાર રહેવા માટે પ્રાર્થના કરો.





**Word Resounds Today**
પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨
**M. No. : 9327621391**
**Free MP3 download : radio882.com**
**Youtube : youtube.com/c/wordresoundstodaygujarati**
**Spotify : www.radio882.com/spotify-gujarati**
**Gujarati Internet FM Radio : http://Radio882.com/fmgujarati**
**Gujarati TV Program:Gujarat First Channel, Time:06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**